## જન્મદિને વધામણી



ફલક અર્પિત જોષી



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
બ્લેક બેલ્ટ
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫

# ‘શબ્દોનું આરાધન એ ચિંતન માટેનું અભિપ્રેરણ છે’






## ડૉ. જય ઓઝાનાં પાંચ પુસ્તકોનો લોકાર્પણ સમારોહ સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ હૉલ ખાતે યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સમાચારના કટાર લેખક ડૉ. જય ઓઝા દ્વારા સર્જિત પાંચ પુસ્તકોનો ભવ્ય લોકાર્પણ સમારોહ શનિવારે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી કૃષ્ણકાન્ત જહા, મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સાહિત્ય અગાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, સાહિત્યકાર-પત્રકાર રોહિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

ભાગ્યેશ જહાએ પોતાના મનનીય પ્રવચનમાં જણાવ્યું હતું કે આજના ઈન્ટરનેટના યુગમાં સમાચારો મોબાઈલમાં વાંચવા મળી જાય છે ત્યારે કૉલમ વાંચવા માટે વર્તમાનપત્રની માગ લોકો કરી રહ્યા છે. ડૉ. જય ઓઝાએ જે રીતે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી કવિતાઓ પોતાનાં પુસ્તકોમાં ટાંકી છે તે દર્શાવે છે કે એમનું વાચન વિશાળ છે. આજકાલ શિક્ષકો આટલું વાંચે તો તે સમાજ માટે ઘણું ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

રોહિત શાહે ડૉ. જય ઓઝાની લેખન શૈલીને બિરદાવતાં જણાવ્યું હતું કે ડૉ. જયની સ્પષ્ટ વિચાર વ્યક્ત કરવાની શૈલી અભિનવ છે, જે વાચકોને પુસ્તકો પ્રત્યે આકર્ષણ જગાવવામાં સફળ થાય છે.

ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે શબ્દોનું આરાધન, પુસ્તકો તરફની ગતિ એ ચિંતન માટેનું અભિપ્રેરણ છે. ‘મને ગાંધીનગરમાં રહેવું ગમે છે કારણ કે ગાંધીનગર એ સાહિત્ય અને સંસ્કૃતિની નગરી છે’ તેવું એમનું નિવેદન તાળીઓથી વધાવાયું હતું.

કૃષ્ણકાન્ત જહાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે નવાં સર્જકોને તક આપીને એમને સાહિત્યકાર બનાવવાની તક ગાંધીનગર સમાચારને મળી છે આ બાબતને અમે અમારું સૌભાગ્ય સમજીએ છીએ. ગાંધીનગર સમાચારમાં પ્રકાશિત થયેલી વિવિધ કૉલમનાં સંકલનમાંથી ૨૨ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે એ ગાંધીનગર સમાચાર માટે ગૌરવની વાત છે.

ડૉ. જય ઓઝાએ પુસ્તક વિમોચન બાદ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે ‘મારા મનમાં જે વિચારો આવે છે એમને સીધેસીધા હું કાગળ પર ઉતારું છું ને લોકો તરફથી મને મળતા પ્રતિભાવોથી મને એવું જાણવા મળ્યું છે કે મારા વિચારો એમને સ્પર્શી ગયા છે. અલબત્ત, હું લોકો વચ્ચે, લોકો સાથે રહેવા ટેવાયેલો છું એટલે મારાં લખાણોમાં ક્યાંક ને ક્યાંક લોકોને સ્પર્શતી વાતોનું વજન વધુ દેખાય છે. પરંતુ આ જ કારણથી મારું લખાણ લોકોને સ્પર્શી પણ જાય છે એવું મારું માનવું છે.’ એકસાથે પાંચ પુસ્તકો પ્રગટ કરવા એ જીવનની યાદગારઘટના છે એમ જણાવી એ માટે તેમણે ગાંધીનગર સમાચાર, વાચકો અને પોતાના ભાવકો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા કાર્યક્રમના અંત ભાગમાં આભાર દર્શન હિરેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.




ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામ સમાજસેવાના કાર્ય બદલ છેલ્લા ૧૯ વર્ષથી દર વર્ષે ૧ જાન્યુઆરી એટલે કે મહાદેવભાઈ દેસાઈ ની જન્મજયંતિએ ગ્રામ-સમાજની સેવા કરવા બદલ પુરસ્કાર આપે છે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આ વર્ષનો મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર ગ્રામ શિલ્પી જલદીપ ઠાકરને આપવામા આવ્યો છે. જલદીપભાઈ ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા પરિસરના ગ્રામ વ્યવસ્થાપન વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકાના પેઢામલી ગામમા છેલ્લા ૧૦ વર્ષથી ગ્રામશિલ્પી તરીકે કામ કરી રહ્યા છે. તેઓએ ગામમા શિક્ષણ આરોગ્યના પ્રશ્નોનો ઉકેલ અને મહિલા સહકારી દૂધ મંડળી ઉભી કરી છે. આ બધાજ કામોમા તેમના પત્ની સ્નેહલ ઠાકરે પૂરો સહકાર આપ્યો છે. સમારંભમા વિદ્યાપીઠના કુલપતિ ઈલાબેન ભટ્ટે મહાદેવભાઈ દેસાઈને યાદ કરતા કહ્યુ કે, મહાદેવભાઈ ડાયરી લખતા તેમાં તેમના વિચારો, અનુભવો અને ગાંધીજી સાથેની મુલાકાતો વર્ણવતા. આ બધું આજે આપણા માટે ડોક્યુમેન્ટ સ્વરૂપે ઉપયોગી બની રહ્યું છે માટે દરેક વિદ્યાર્થીએ ડાયરી લખવી જોઈએ. આ પ્રસંગે જલદીપભાઈના માતા-પિતા, પેઢામલીના ગ્રામજનો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સેવકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બિંદુવાસિની જોશીએ કર્યું હતું.

## હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા નૂતન વર્ષને આવકાર




ગાંધીનગર, તા. ૨

હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે નૂતન વર્ષની ઉજવણી એક નવા રૂપમાં જોવા મળી. લોકોએ કંઈક એવો અનુભવ કર્યો કે જે અલગ જ હતો. જેમ જેમ નવા વર્ષની પળો નજીક આવી રહી હતી તેમતેમ ચૌતરફનું વાતાવરણ ભગવાન શ્રી શ્રી રાધામાધવના નાદ સાથે ગુંજી રહ્યુ હતું. મંદિરનો વિશાળ હોલ સ્ટેજના શણગાર અને જબરદસ્ત લાઈટીંગ થી ઝગમગી ઊઠતાં મંદિરનું વાતાવરણ આત્મીયમય બન્યું હતું. નૂતન વર્ષને આવકારવા યોજાયેલ કાર્યક્રમની શરૂઆત ધાર્મિક વિષયવસ્તુને આવરી લેતી રમતગમત અને સૌ ભક્તો માટે વ્યવસ્થા કરેલ પ્રસાદ સાથે થઈ હતી. પરિવારો, મિત્રો, ભક્તો અને આશ્રયદાતા વિગેરે મળીને આશરે એક હજાર જેટલા લોકોએ વર્ષ ૨૦૧૭ની શરૂઆત એક અનોખી રીતે કરવાના ધ્યેય સાથે સૌ ઉજવણીમાં હાજર રહ્યા હતા. લોકોના સમૂહે વિવિધ રમતો, મ્યુઝીકલ ચૈર વિગેરે કાર્યક્રમ શરૂ થતાની સાથે તેને ખૂજ જ આતુરતાથી નિહાળ્યું હતું તેમજ વિવિધ રમતના વિજેતાઓને ઈનામનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્યુ આકર્ષણ તરીકે સમી સાંજે મંદિરમાં ‘‘કૃષ્ણ-બાળ’’ તરીકે પ્રચલિત બાળસભ્યો દ્વારા ભગવદ્ ગીતા વિષયવસ્તુને અનુલક્ષીને નાટક અને પછી વૈષ્ણવી સંઘ - જે મંદિર સાથે સંકળાયેલ નારીઓનું એક આધ્યાત્મિક સમુદાય છે- તેઓ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર ધાર્મિક સંદેશો આપતું નાટક ભજવવામાં આવ્યું હતું, જે સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતું. ઘડિયાળના કાંટા જેમજેમ મધ્યરાત્રિની પળ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે મંદિરના યુવા ગ્રુપના સભ્યો દ્વારા હરેકૃષ્ણ મહામંત્રની ધૂનની તાલ અને લય સાથે સૌ ગુંજી અને ઝૂમી રહ્યા હતા. મધ્યરાત્રિએ આકાશમાં રંગબેરંગી ફટાકડાઓની વર્ષા થતાંની સાથે સૌભક્તોના હ્દય આનંદ, ઉલ્લાસ, ઉમંગ અને હરેકૃષ્ણ-મંત્ર કિર્તનના ઉષ્માભર્યા અનુભવ સાથે હર્ષાતિરેક થઈ ગયા હતા. સૌએ પરસ્પરને નૂતન વર્ષના અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

વો અચાનક નીંદ સે જાગે
ઔર હમસે પૂછા,
સોને ક્યું નહીં દેતે?
કમબખ્ત ઉન્હેં
ઈતના ભી ખયાલ નહીં આયા
કિ હમ તો સોયે નહીં થે!

\- કુંતલ નિમાવત

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
દંગલ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
અસાસિન્સ ક્રીડ
(હિન્દી, ૩ડી)
૧.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
અસાસિન્સ ક્રીડ
(અંગ્રેજી, ૩ડી)
૩.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫, ૬.૪૫
કૂખ
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# વર્તમાનનો વૈભવ સદાકાળ છે, તેને માણીએ



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સમયરૂપી હિમપર્વત ઉપરથી વર્ષ-૨૦૧૬ની હિમશીલા ઓગળીને અનુભવનું પાણી બનીને ખળખળ વહેતી નદી સ્વરૂપે ઘણું ઘણું નવું શીખવતી ગઈ. નવા ઉમંગ, નવો ઉત્સાહ અને નવા અરમાનોના આકાશ સાથે ૨૦૧૭ની નવી નક્કોર હિમશીલાની ટોચ નજર સામે સ્પષ્ટ થઈ છે.

નવું એટલે આનંદ જ હોય. નવું એટલે તાજગી જ હોય. નવું શુષ્ક હોય કે દિવેલીયું હોય, એવું કોણ વિચારે? નવા વર્ષની ‘કેલેન્ડરી’ ભાષા પણ અલગ અલગ રીતે ઊભરી આવેલી છે. ક્રિશ્ચિયન એરાનો ઉદય ઈ.સ. પૂર્વે સાતમી સદીમાં થયો. જો કે, એક મત એવો પણ છે કે, વડવાઓએ આ કેલેન્ડરને ઈ.સ. પૂર્વે ૪૦૦મા વૈચારિક રીતે ઘડવાનું નક્કી કર્યું હતું. ક્રિશ્ચિયન એરાનો ૭૫૦૯મું વર્ષ સપ્ટેમ્બર ૨૦૦૦માં શરૂ થયું. જ્યારે બાયઝેન્ટીગ કેલેન્ડરનું પ્રથમ વર્ષ ઈ.સ. પૂર્વે ૫૫૦૯માં શરૂ થયું હતું. ઈથોપિયાનો ઈન્કારનેશન એરા કહેવાય. ઓગસ્ટ ૨૯, ૮૭૬ ઝુલીયન કેલેન્ડર પ્રમાણે આ એરા આકાર લઈ રહ્યો છે. આર્મેનિયન કેલેન્ડરનો સમય ૫૫૨ AD છે. હિન્દુ કેલેન્ડર કળીયુગથી શરૂ કર્યું હોવાનું કહેવાય છે. જેનો ઈ.સ. પૂર્વે ફેબ્રુઆરી ૧૮, ૩૧૦૨થી આરંભ થયો છે. વિક્રમ સંવત ઈ.સ. પૂર્વે ૫૬-૫૭ બારમી સદીમાં અસ્તિત્વમાં આવ્યું.

નવા વર્ષની ઉજવણી પણ અલગ અલગ પ્રદેશમાં નોખી નોખી રીતે મઝાના અંદાજથી થતી હોય છે. અમેરિકનો નવા વર્ષનું સ્વાગત ભાઈબંધો-દોસ્તારો સાથે પાર્ટી મનાવી મોટા અવાજે સંગીત વગાડી નૃત્ય કરીને ઉજવે છે. જ્યારે બ્રિટીશરો લંડનમાં થેમ્સ નદીના કિનારે ભેગા મળીને મિત્રો અને સગાંવહાલાંઓની સાથે રોશની જોતાં જોતાં અવનવી વાનગીઓ આરોગતાં અને શરાબ પાન કરતાં કરતાં નવા વર્ષને આવકારે છે. બ્રિટીશરોમાં એવી પણ માન્યતા છે કે, એક નિગ્રો મધ્ય રાત્રિએ મુખ્ય પ્રવેશ દ્વારથી બ્રેડ, વ્હિસકી, કોલસો લઈને પ્રવેશે અને ઘરની તાપણીમાં કોલસો નાંખે. બ્રેડ અને વ્હીસકી પરિવાર સાથે બેસીને આરોગે પછી હળવેકથી પાછલા દરવાજેથી જતો રહે. બ્રિટીશરો આને ‘ગુડલક’ સમજે છે. ચીનમાં મિત્રો અને સગાં વહાલાંઓ મળીને પૈસા ભરેલું લાલ પરબિડીયું એકબીજાને આપીને શુભેચ્છા પાઠવે છે. ચીનાઓ આને શુકન ગણે છે. ડેનમાર્કના લોકો રાત્રે બરાબર ૧૨ વાગે ખુરશીમાં ઊભા રહીને એક લાંબો કૂદકો મારીને નવા વર્ષને સત્કારવામાં શુભ સંકેત માને છે. સ્પેનમાં ૧૨ મહિનાની ૧૨ દ્રાક્ષ લઈ નવાવર્ષના પ્રારંભે પ્રતિ કલાકે એક દ્રાક્ષ ખાવાનો રિવાજ છે. જે દ્રાક્ષ ખાટી નિકળે એ વર્ષ સારૂ ન જવાની માન્યતા છે.



ભારત દેશમાં પણ જુદા જુદા પ્રદેશમાં નવા વર્ષની ઉજવણી અલગ અલગ રીતે થતી હોય છે. પંજાબમાં વૈશાખી સ્વરૂપે નવું વર્ષ ઉજવાય છે. આસામમાં રંગોળી બીહુ સ્વરૂપે, તામિલનાડુમાં પુથાન્ડુ તહેવારથી નવુ વર્ષ સત્કારાય છે. બંગાળમાં નવા બર્ષા તો કેરળમાં વિષુ, આન્ધ્રમાં ઉગદી, મહારાષ્ટ્રમાં ગુડી પડવો અને કાશ્મીરમાં નવરેત સ્વરૂપે નવું વર્ષ ઉજવાતું હોય છે.

પ્રત્યેક નવા વર્ષે નવા સંકલ્પોનો ઉત્સાહ હોય છે. આવશ્યકતા એ છે કે સંકલ્પો જળવાય, સચવાય અને અમલ થાય. નવા સંકલ્પો સજાવી જરૂર લેવાય પણ સચવાય નહીં એનો અમલ થાય નહીં તો એનો અર્થ નહીં. નવા વર્ષના એવા સંકલ્પો સજાવીએ કે જે સચવાય અને ખરેખર અમલમાં મૂકી શકાય. કેટલાક સુચનો છે, વિચારીને સંકલ્પ કરી શકાય.

- કોઈની પણ ‘હા’માં ખોટેખોટી ‘હા’ ન ભણીએ.
- ક્ષમતા ન હોય ત્યાં વિનમ્રતાપૂર્વક ‘ના’ પાડીએ.
- પ્રતિદિન એક સુવિચાર પર ચિંતન કરીએ.
- દરરોજ ઓછામાં ઓછી પોતાની એક ભૂલને અલગ તારવીએ.
- રોજેરોજ સારા વિચારોવાળા ઓછામાં ઓછા બેથી ત્રણ પાનાં વાંચીએ અને રોજ કોઈપણ એક વિચાર ઉપર ઓછામાં ઓછું એક પાનું લખીએ.
- નફરત ઓછી અને પ્રેમ વધારે કરીએ.
- ઓછું બોલીને વધુ સાંભળીએ.
- રોજ ૧૦થી ૩૦ મિનિટ ચાલવા જઈએ અને હા, ચાલતી વખતે ચહેરા પર હળવું સ્મિત રાખવાનુ ન ભુલીએ.
- પ્રતિદિન ઓછામાં ઓછી ૧૦થી ૨૦ મિનિટ એકાંતમાં બેસી સ્વને સમજવાનો પ્રયત્ન કરીએ.
- દરરોજ કમ-સે-કમ સાત કલાક તો સૂઈએ જ.
- જોશ, ઉત્સાહ અને કરૂણા આ ત્રણ મહત્વના ગુણો છે જીવનમાં એને બરકરાર રાખવા સજાગ પ્રયત્ન કરતા રહીએ.
- રોજેરોજ નવી રમતો રમવાનું શીખવામાં નાનમ ન અનુભવીએ, રમત રમતાં શીખીએ અને રમતા રહીએ.
- ગયા વર્ષ કરતાં આ વર્ષે વધારે પુસ્તકો વાંચીએ.
- જેણે આટલું સરસ જીવન આપ્યું છે એનો રોજ આભાર માનીએ અને પ્રાર્થના માટે સમય ફાળવીએ.
- રોજ ૭૦થી વધારે ઉંમરના અને સાતથી ઓછી ઉંમરના લોકો સાથે થોડો સમય ગાળીએ. દરરોજ શક્ય ન હોય તો સપ્તાહમાં એકવાર.
- ખૂબ સપનાં જોઈએ, પણ જાગતાં સપનાં જોઈએ.
- પ્લાન્ટ (ફેકટરી)માં બનતી વસ્તુઓ કરતાં પ્લાન્ટ (છોડ)માં ઊગેલી વસ્તુઓને ખોરાકમાં મહત્વનું સ્થાન આપીએ.
- દિવસમાં ઓછામાં ઓછા દસ ગ્લાસ પાણી પીએ.
- દરરોજ ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિના ચહેરા પર સ્મિત લાવીએ.
- ચર્ચા / નિંદા / કૂથલી ન કરીએ.
- ભૂતકાળ ભૂલી જઈએ ને વર્તમાનનો આનંદ લઈએ.
- રાજાની જેમ સવારનો નાસ્તો કરીએ, રાજકુમારની જેમ બપોરનું ભોજન લઈએ અને રાત્રે જમવાનું ભિખારી જેટલું રાખીએ.
- મનમાં સમજી લઈએ કે, પ્રત્યેક દલીલની સામે જીતી શકવાના નથી, મતભેદ સ્વિકારી લેવાનું રાખીએ.
- સરખામણી અળખામણી છે એ પોપટીયું જ્ઞાન રાખવાના બદલે જ્ઞાનને સાચા અર્થમાં અમલમાં મૂકીએ અને સરખામણી કરવાનું છોડીએ.
- આપણા સુખનું કારણ ફક્ત આપણે જ છીએ એટલે આપણી જાતને સર્વાધિક પ્રેમ કરતા શીખીએ.
- ‘સબસે બડા રોગ ક્યા કહેંગે લોગ’. બીજા લોકો તમારા માટે શું વિચારશે એવા વિચારો છોડો.
- ઉત્તમ હજી આવવાનું બાકી છે, ગમે તેવો ખરાબ મૂડ હોય, ઊઠો, તૈયાર થાઓ અને બહાર આંટો મારી આવો‘ એ ટેકનિક અજમાવીએ.
- કારણ વગરના સવાલો ક્યારેય ના પૂછીએ.
- શંકાશીલ બનવા કરતાં વિશ્વાસ રાખતાં શીખીએ.

પ્રત્યેક ઉંમરનું અલગ સૌંદર્ય હોય છે. દરેક અવસ્થાનો અલગ અંદાજ હોય છે. બાળપણમાં ભોળપણ, યુવાનીમાં થનગનાટ અને વૃદ્ધાવસ્થામાં અનુભવની તાકાત હોય છે. પસાર થતો પ્રત્યેક દિવસ થોકબંધ અનુભવનું ભાથું બાંધી આપે છે. સાચું પૂછો તો આ અનુભવના ભાથાથી જ વર્તમાન ઘડાય છે. સમય બદલાતો જાય છે કે, માણસ બદલાય છે ? આ પ્રશ્ન ‘પહેલાં મરઘી કે પહેલા ઈંડુ ?’ની જેમ સદાકાળથી ઉકેલની રાહ જોતો બેઠો છે. આજની ઘડી જ રળીયામણી છે. વર્તમાન એ જ જીવનનું વિરાટ સ્વરૂપ છે. ભૂતકાળની મુશ્કેલીઓ અને ભવિષ્યની ચિંતાને કોઈ સ્થાન ન હોય. વર્તમાનનો વૈભવ સદાકાળ હોય એ સમજીએ ને વર્તમાનને મોજથી જીવીએ. વેલકમ સ્માર્ટ સેવન્ટિન! વિશ યુ ઑલ!

**ધબકાર**

નવું વર્ષ એ ૩૬૫ પાનાંની તદ્દન નવી નોટબૂક છે, સરસ મજાનાં કાર્યોનાં લખાણથી તેને શોભાવીએ.